
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૩, વૈશાખ સુદ – ૩ • તા. ૨૯ મે, ૨૦૧૭ • અંક : ૭

7



**શેઠ આણંદજી કલ્યાણજી**

**અમદાવાદ**

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

## દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....

## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

**૧૫ વર્ષ પછી આવનારા**
**સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?**

**બસ ! આજથી ફક્ત ૧ રૂપિયો પ્રતિદિન**
**૧ વર્ષ ના રૂા. ૩૬૦, ૧૫ વર્ષના રૂા. ૫૪૦૦.**

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 5010016 5224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન- સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર

(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

વર્ષ : ૨ અંક : ૭ મૂલ્ય : ₹ ૨૦ વાર્ષિક લવાજમ : ₹ ૧૦૦

रिसहेसर समं पत्तं

निरवज्जं इक्खुरससमं दाणं ।

सेअंससमो भावो

हविज्ज जइ मग्गिअं हुज्जा ॥

જો શ્રી ઋષભદેવ સમાન પાત્ર,

શેરડીના રસ જેવું નિરવદ્ય દાન

અને શ્રેયાંસ જેવો ભાવ હોય તો

ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય !

ઉત્તમ સુપાત્ર,

નિર્દોષ દાન, અપૂર્વ ભાવ

આ ત્રણ વસ્તુઓ મહાભાગ્યે પ્રાપ્ત થાય છે

: પ્રકાશક :

શેઠ આણંદજી કલ્યાણજી

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)

વર્ષ : ૨ | અંક : ૭

પ્રકાશન

વિ.સં. ૨૦૭૩, વૈશાખ સુદ-૩ • તા. : ૨૯-૦૪-૨૦૧૭, શનિવાર

પ્રકાશક :

મહેન્દ્ર શાહ (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E-mail : shree_sangh@yahoo.com / info@anandjikalyanjipedhi.org

Website : www.shethanandjikalyanjipedhi.org

મુદ્રક : નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

****************************

શાશ્વતગિરિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થના સાંનિધ્યમાં પાલીતાણા ખાતે

## વર્ષીતપના પારણા

મંગલ દિવસ, વૈશાખ સુદ ૩, શનિવાર ૨૯-૪-૨૦૧૭ આ વરસે મહામંગલકારી શ્રી આદીશ્વર ભગવાનના દીક્ષાતપના પ્રતીકરુપે સકળ સંઘમાં કરાતા વર્ષીતપના તપસ્વીઓને પારણા કરાવવાનો લાભ

**શ્રી મંગલકલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ**

દ્વારા લેવામાં આવ્યો છે.

****************************

# શ્રી શત્રુંજય તીર્થના
# પાંચમા આરામાં થયેલાં ચાર ઐતિહાસિક ઉદ્ધારો

## (૧) ઉદ્ધાર તેરમો - જાવડશાનો

### (વિ.સં. ૧૦૦ અથવા વિક્રમ સં. ૧૦૮)

કાંપિલ્યપુર નગરમાં ભાવડશા નામના શેઠ રહેતા હતા. તેમને ભાવલા નામે પત્ની હતી. કર્મયોગે બધું ધન ચાલ્યું ગયું. છતાં ધર્મ શ્રદ્ધામાં જરા પણ ઓછાશ તેમણે આવવા ન દીધી અને ધર્મ આરાધનાની ભાવના વધતી રાખી.

એક વખતે બે મુનિવરો આહાર પાણી અર્થે આવ્યા હતા. ત્યારે ભાવલાએ મુનિવરને પૂછ્યું કે ભગવન્ ! અમારે ફરીથી ધનની પ્રાપ્તિ થશે, કે નહિ ? થશે તો શી રીતે અને ક્યારથી થવા માંડશે ?

મુનિવરે પોતાના જ્ઞાનથી ભવિષ્યમાં લાભ જાણીને કહ્યું કે, 'આજે એક ઉત્તમ લક્ષણવંતી ઘોડી વેચાવા આવશે. તે ઘોડીને તમે ખરીદી લેજો, તેના યોગે પુનઃ ધનપ્રાપ્તિ થશે.'

ભાવલાએ પોતાના પતિને એ વાત કરી. ભાવડે ઘોડી ખરીદી લીધી.

ઘરમાં એકાદ પુણ્યવાન માણસ કે પશુ આવે તો તેના પુણ્યથી આખા કુટુંબનું ભાગ્ય પલટાઈ જાય છે, જ્યારે કોઈ દુર્ભાગી બાળકનો જન્મ કે પશુ આદિનો જન્મ થાય તો તેના યોગે આખા કુટુંબમાં વિપત્તિનો કોઈ પાર રહેતો નથી.

લક્ષણવંતી ઘોડીના યોગે ભાવડશાની સ્થિતિ સુધરવા લાગી. ઘોડીએ એક લક્ષણવંતા અશ્વને જન્મ આપ્યો. આ અશ્વ સર્વ લક્ષણથી યુક્ત હતો, તેથી તેની ખ્યાતી ચારે બાજુ રેલાઈ ગઈ. તપન રાજાના જાણવામાં આવતાં તે અશ્વ ના ત્રણ લાખ રૂપિયા ભાવડને આપી ખરીદી લીધો.

ત્રણ લાખ રૂપિયા મળવાથી ભાવડશાએ સારી સારી અનેક ઘોડીઓ ખરીદી. તે ઘોડીઓના અનેક ઉત્તમ પ્રકારના એક સરખા રંગ અને ઉંમરના ઘોડાઓ લઈ જઈને વિક્રમ રાજાને ભેટ આપ્યા.

ઉત્તમ પ્રકારના એક સરખા દેખાવડા અશ્વ રત્નો જોઈને વિક્રમ રાજા ખૂબ ખુશ ખુશ થઈ ગયા, અને ભાવડને મધુમતિ (મહુવા) સહિત બાર ગામોનો માલિક બનાવ્યો. જયારે ભાગ્ય જોર કરે છે ત્યારે અણચિંતવ્યું આવી મળે છે, અને ભાગ્ય પરવારે છે ત્યારે ચારે બાજુએથી આપત્તિઓનો વરસાદ વરસે છે.

ભાવડશા બાર ગામના અધિપતિં બન્યા. ભાવલાએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. આથી ભાવડશા એક પુત્રરત્નના પિતા બન્યા. તેનું નામ જાવડશા રાખવામાં આવ્યું.

ભાવડશા આયુષ્ય પૂર્ણ થતાં બધી સંપત્તિના માલિક જાવડશા બન્યા.

આ વખતે વિષમકાળના પ્રભાવે **શ્રી શત્રુંજય** મહાતીર્થનો અધિષ્ઠાયક કપર્દીયક્ષ મિથ્યાત્વી થઈ ગયો હતો. તેથી ઘણી હિંસા કરવા લાગ્યો, અને આખા ગિરિરાજ ઉપર માંસના લોચા, રૂધિરના ખાબોચિયા, હાંડકાના ઢગલા, જયાં ત્યાં એકઠા થવા લાગ્યા. તેથી તીર્થની ખૂબ આશાતના થવા લાગી. ગિરિરાજની ફરતા પચાસ યોજનની અંદર જો કોઈ આવે તે મૃત્યુના મુખમાં હોમાઈ જતા, આથી યાત્રાળુઓ આવતા બંધ થઈ ગયા હતા.

આવી પરિસ્થિતિમાં કોઈ પ્રભાવ આચાર્ય આ યક્ષને દૂર કરે અને નવા યક્ષનું સ્થાપન કરે તો જ યાત્રા સંભવિત બને. એક બાજુ કપર્દીયક્ષનો ઉપદ્રવ સતાવતો હતો. ત્યાં બીજી બાજુ મ્લેચ્છ-મોગલો સૌરાષ્ટ્ર ઉપર ચઢી આવ્યા. ધન, માલ, મિલકત લુંટી લેતા, માણસોનો નાશ કરતા અને માણસોને ઉઠાવી જતા. મોગલ સૈન્ય મહુવા નગરમાં પ્રવેશ્યું. બીજા ઘણાં

કુટુંબોને કેદ કરી ઉઠાવ્યા, તેમાં જાવડશાનું કુટુંબ પણ સપડાઈ ગયું. બધાને **મોગલો પોતાના દેશમાં લઈ ગયા.**

અનાર્ય દેશમાં રહેવા છતાં જાવડશા ધર્મનું ચુસ્તપણે પાલન કરતા હતા. વળી જાવડશા બુદ્ધિશાળી અને હોશિંયાર હોવાથી વિવિધ પ્રકારની વાતો વગેરેથી મ્લેચ્છોને પણ ખુશ કરી દીધા. આથી બાદશાહે જાવડશાને સ્વતંત્ર રીતે રહેવાની અને વેપાર કરવાની રજા આપી.

હવે જાવડશા સ્વતંત્ર રીતે વેપાર કરવા લાગ્યા, તેમાં ઘણા ધનની પ્રાપ્તિ થઈ. બાદશાહની રજા મેળવી તેણે એ નગરમાં એક શ્રી જિનેશ્વર ભગવંતનું દહેરાસર બંધાવ્યું. બહારના જે કોઈ સાધર્મિક આવે તેને સર્વે પ્રકારની સહાય આપતા હતા. આથી ત્યાં ઘણા જૈનો એકઠા થયા. સૌ સારી રીતે ધર્મ આરાધના કરવા લાગ્યા.

એક વખતે એક મુનિવર વિહાર કરતા ત્યાં પધાર્યા, જાવડશાએ સારૂં સ્વાગત કર્યું. જાવડશા હંમેશા વ્યાખ્યાન શ્રવણ કરવા જાય છે. એક વખત વ્યાખ્યાનમાં **શ્રી સિદ્ધાચળજી**ના મહિમાનો પ્રસંગ ચાલતો હતો, તેમાં વર્તમાનમાં થઈ રહેલી આશાતના વિગેરેની વાતો કરી અને કહ્યું કે 'પાંચમા આરામાં **જાવડશા શ્રી સિદ્ધાચળજી**નો ઉદ્ધાર કરાવશે.'

પોતાનું નામ સાંભળી જાવડશાએ હાથ જોડીને મુનિવરને પૂછ્યું કે, 'હે ભગવન્ ! આપે જે કહ્યું કે **શ્રી સિદ્ધાચળજી**નો ઉદ્ધાર જાવડશા કરાવશે તો તે હું કે બીજો કોઈ જાવડશા ?

મુનિવરે પોતાના જ્ઞાનબળથી જાણીને કહ્યું કે, 'જ્યારે **શ્રી સિદ્ધગિરિજી**ના અધિષ્ઠાયકો હિંસા કરનારા થશે. પચાસ યોજન સુધીમાં બધુ ઉજ્જડ કરી નાંખશે. પચાસ યોજનની અંદર જે કોઈ જશે, તેને મિથ્યાદૃષ્ટિ થયેલ કપર્દીયક્ષ મારી નાંખશે. ભગવાનની મૂર્તિ અપૂજ રહેવા લાગશે. તેવા કટોકટીના સમયે તું પોતે જ અવસર્પિણી કાલમાં **શ્રી સિદ્ધાચળજી**નો તેરમો

અને પાંચમા આરામાં પહેલો ઉદ્ધાર કરાવીશ. હાલમાં એવો કટોકટીનો સમય આવી લાગ્યો છે, માટે ઉદ્ધાર કરાવવા માટે ઉદ્યમ કર.'

જાવડશાએ કહ્યું હે ભગવન્ ! આ કપરૂં કાર્ય મારાથી શી રીતે થઈ શકે ?

મુનિવરે કહ્યું કે, 'જાવડ ! તું પુણ્યશાળી છે, તું શ્રી ચક્રેશ્વરી દેવીની આરાધના કર, તે બધો માર્ગ બતાવશે, જેથી તારૂં કાર્ય સિદ્ધ થશે.

જાવડશા ઘરે જઈ ઉપવાસ સહ **શ્રી ચક્રેશ્વરીદેવી**ના ધ્યાનમાં સ્થિર બની ગયા. એક મહિનાના ઉપવાસ થયા, ત્યારે દેવી પ્રત્યક્ષ થયાં અને કહ્યું કે, 'તારા મનોરથ શ્રી સિદ્ધાચલજી તીર્થનો ઉદ્ધાર કરવાનો છે, તે હું જાણું છું. તક્ષશિલા નગરીમાં જગન્મલ્લ રાજાની ધર્મચક્રની સભાના આગલા ભાગના ભોંયરામાં શ્રી અદિનાથ ભગવંતનું મનોહર બિંબ છે, તે લાવીને **શત્રુંજય**નો ઉદ્ધાર કરાવી તે મૂર્તિને સ્થાપન કરજે. જગન્મલ્લ તને પ્રતિમાજી લેવાની રજા આપશે.'

આ સાંભળી જાવડશા ખુશી થયા. દેવીને પ્રણામ કર્યા. એકત્રીસમે દિવસે જાવડશાએ પારણું કર્યું. શુભ દિવસે જાવડશા તક્ષશિલા નગરમાં ગયા અને જગન્મલ્લ રાજાની સભામાં જઈ તેમની આગળ મહાકિંમતી સુંદર ભેટણાં મૂક્યાં. વિવિધ પ્રકારના કિંમતી અને નયન મનોહર ભેટણાં જોઈ રાજા ખુશી થઈ ગયા અને જાવડશાને કહ્યું કે, 'તારે જે કોઈ પ્રયોજન હોય તે કહે, બીજા કોઈથી ન સાધી શકાય તેવું હશે, તો હું જાતે તે કામ કરવા તૈયાર છું.'

જાવડશાએ કહ્યું, "રાજન્ ! મારે બીજું કોઈ કામ નથી, આપના ભોંયરામાં અમારા ભગવાનની મૂર્તિ છે, તેની મારે જરૂર છે, તો તે આપો."

રાજાએ કહ્યું કે, 'અમારા કોઈ ભોંયરામાં અમે તો કોઈ મૂર્તિ જોઈ

નથી, છતાં તું કહે, તે મૂર્તિ ક્યાં છે ? જ્યાં હોય ત્યાંથી ખુશીથી એ મૂર્તિ તું લઈ જા."

જાવડશાએ કહ્યું : 'આપની જે ધર્મચક્રની સભા છે તેના આગળના ભાગમાં ભોંયરામાં મૂર્તિ છે. આપ આજ્ઞા આપો એટલે તે ભોંયરામાંથી મૂર્તિ કઢાવું.'

રાજાએ આજ્ઞા આપી એટલે જાવડશા માણસો દ્વારા ભૂમિ ખોદાવીને ભોંયરામાં ગયા. તો મુગટ, કુંડલ, બાજુબંધ વગેરેથી શોભતા અને તાજું જ પૂજન કરેલું હોય તેવી શ્રી આદીશ્વર ભગવંતની મૂર્તિ બિરાજમાન હતી.

વાંચકોને આશ્ચર્ય થશે કે બંધ ભોંયરામાં આવી પૂજા કોણે કરી હશે ? આ મૂર્તિનું પૂજન હંમેશા ચક્રેશ્વરીદેવી ભાવ-ભક્તિ પૂર્વક કરે છે, અને નિત્ય અવનવી અંગરચના વગેરે કરી રત્નાલંકારો ચઢાવી પોતાની ભક્તિ પ્રદર્શિત કરે છે, એટલે હંમેશાં દેદીપ્યમાન મૂર્તિ છે.

સુલતાન વગેરે આવ્યા, સુંદર મૂર્તિ જોઈને આશ્ચર્ય પામ્યા અને ભાવથી તેમના મસ્તક નમી પડ્યાં. જગન્મલ્લ સુલતાન હોવા છતાં મૂર્તિના દર્શન કરી આનંદ પામ્યો અને બોલ્યો કે, 'ખરેખર ! સાક્ષાત્ જગત્કર્તા જ નીકળ્યા છે ? જાવડ ! તું ખરેખર પુણ્યશાળી છે, દેવતાઓ તારા ઉપર પ્રસન્ન છે. આ મૂર્તિને તારે જ્યાં લઈ જવી હોય ત્યાં ખુશીથી લઈ જા, અને તારા મનોરથ પૂર્ણ કર !

સુલતાને રેશમી વસ્ત્ર, અલંકાર વગેરે આપીને જાવડશાનું સન્માન કર્યું.

મહાવિકટ માર્ગને પણ દેવીની સહાયથી પસાર કરી મૂર્તિ સહિત જાવડશા મહુવા પહોંચ્યા.

ઘણા વર્ષ પહેલા જાવડશાએ ચીન વગેરે મ્લેચ્છ દેશોમાં વિવિધ પ્રકારનો માલ વગેરે ભરીને ઘણાં વહાણો મોકલ્યા હતાં. તે વહાણોના કોઈ

સમાચાર ન હતા. પુણ્યયોગે જાવડશાનું મહુવામાં ભગવાન સાથે આગમન થયું અને સાથે સાથે મોકલેલાં વાહણોનો બધો માલ વેચાઈ ગયેલો. તેનું સોનું વગેરે ખરીદીને વહાણમાં ભરીને વહાણો પાછા આવી પહોંચ્યા હતા.

આ સમાચાર મળતાં જાવડશાને ખૂબ આનંદ થયો. હવે તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના ઉદ્ધારમાં કોઈ કમીના રહે.

પુણ્ય બળવાન હોય તેથી જંગમ યુગપ્રધાન શ્રીવજસ્વામીજી પણ વિચરતા વિચરતા મહુવા પધાર્યા. જાવડશાએ સુંદર સામૈયાપૂર્વક પ્રવેશ કરાવ્યો.

એક દિવસે જાવડશાએ શ્રીવજસ્વામીજીને વિનંતી કરી કે, 'હે ભગવાન ! આપ સહાયક થાવ તો શ્રી શત્રુંજયતીર્થનો ઉદ્ધાર નિર્વિઘ્ને કરાવી શકું.' એ વખતે એક યક્ષ શ્રી વજ્રાસ્વામિજીને વંદન કરવા આવ્યો હતો. તેનો પૂર્ણ વૃત્તાંત આ પ્રમાણે છે.

## વર્તમાન કપર્દીયક્ષની ઉત્પત્તિ

મહુવા નગરીમાં કપર્દિ નામનો એક વણકર હતો. તેને આડી અને કુહાડી નામની બે સ્રીઓ હતી. વણકર અપેય પાનમાં અને અભક્ષ્ય ભોજનમાં આસક્ત રહેતો હતો, આથી એક દિવસે બન્ને સ્રીઓએ વણકરને શિક્ષા કરી, કપર્દિ રોષમાં આવી ગયો, એ નગરીની બહાર ચાલ્યો ગયો. ત્યાં એક મુનિ જોવામાં આવ્યાં. તે વજ્રાસેન મુનિએ કોમળ વચનથી તેને આશ્વાસન આપ્યું. કપર્દિ વણકર બે હાથ જોડીને માથું નમાવીને ઉભો રહ્યો. મુનિવરે પોતાના જ્ઞાનથી કપર્દિને સુલભબોધી જાણ્યો અને થોડા કલાકનું આયુષ્ય બાકી રહેલું જાણી, ધર્મનો ઉપદેશ આપ્યો.

કપર્દિએ કહ્યું, 'મને યોગ્ય પ્રતિજ્ઞા કરાવો.'

ગુરુમહારાજે ગંઠસીનું પચ્ચક્ખાણ કરાવ્યું. (ગંઠસીનું પચ્ચક્ખાણ એટલે કપડાના છેડે ગાંઠ વાળી રાખવી, જ્યારે પાણી પીવું હોય, ખાવું હોય

કે મોમાં કંઈ નાંખવું હોય ત્યારે નવકાર ગણીને અથવા **'नमो अरिहंताणं'** બોલી ગાંઠ છોડીને પછી જ મોમાં કોઈપણ વસ્તુ નાંખી શકાય. ખાધા પછી મોં ચોફ્ખું કરી પછી ગાંઠ વાળી દેવાની. જ્યાં સુધી ગાંઠ વળેલી હોય ત્યાં સુધી ચારે આહારના ત્યાગના પચ્ચક્ખાણનો લાભ મળે.)

તે દિવસે સર્પના ગરલ (ઝેર) યુક્ત ભોજન કપર્દિના ખાવામાં આવ્યું અને મૃત્યુ પામ્યો, અને વ્યંતર નિકાયમાં દેવ તરીકે ઉત્પન્ન થયો.

કપર્દિ મરણ પામ્યાના સમાચાર સ્ત્રીઓએ જાણ્યા અને રાજા પાસે જઈને ફરિયાદ કરી કે 'આ સાધુડાએ અમારા ધણીને કંઈ ખવડાવીને મારી નાંખ્યો.'

આથી રાજાએ શ્રી વજ્રાસેન મુનિને ચોકીમાં બેસાડ્યા. આ બાજુ વ્યંતર થયેલા કપર્દિએ જ્ઞાનથી જોયું, તો પોતાના ઉપકારી ગુરુને સંકટમાં સપડાયેલા જોયા, એટલે તુરત જ તે શહેરના જેટલી શિલા વિકુર્વી અને રાજા વગેરે લોકોને કહ્યું, કે 'આ ગુરુ મહઉપકારી છે.' તમે સર્વે તેમની પાસે જાઓ, પગમાં પડીને માફી માગો, નહિતર આ શિલાથી મનુષ્યો સહિત આખી નગરીના ચૂરેચૂરા કરી નાખીશ.'

રાજા વગેરે ભય પામ્યા, ગુરુમહારાજ પાસે જઈ પગમાં પડ્યા અને માફી માંગી, બહુમાનપૂર્વક ઉપાશ્રયે મોકલ્યા.

નવા કપર્દીયક્ષે ગુરુને નમસ્કાર કરીને કહ્યું કે 'હે પ્રભો ! પૂર્વભવમાં મેં ઘણાં પાપો કર્યા છે, તો તે પાપોથી બચવાનો ઉપાય બતાવો.'

ગુરુમહારાજે કહ્યું **શ્રી સિદ્ધાચલજી** મહાતીર્થનો સહાયક બન.

કપર્દિયક્ષ તે વચન સ્વીકાર્યું, અને કોઈ કાર્ય હોય તો જણાવવા વિનંતી કરી.

શ્રી વજ્રસ્વામીજીએ કહ્યું શ્રી શત્રુંજયનો ઉદ્ધાર કરવા માટે જાવડશાને સહાય કરજે. કપર્દિયક્ષે તે સ્વીકાર્યું.

શ્રી વજ્રસ્વામીજીના સાન્નિધ્યમાં જાવડશાએ શ્રી સિદ્ધાચળજીનો સંઘ કાઢ્યો. પાલીતાણા આવતાં રસ્તામાં જૂના કપર્દિયક્ષે ઘણા ઉપદ્રવો કર્યા પણ શ્રીવજ્રસ્વામીજીએ તે બધા ઉપદ્રવો દૂર કર્યા. અને સુખપૂર્વક પાલીતાણા આવી પહોંચ્યા.

તક્ષશિલાથી લાવેલી પ્રતિમાજી પણ સાથે હતી, તે ગિરિરાજ ઉપર ચઢાવવાની હતી. તે પ્રતિમાજી દિવસે જેટલી ઉપર ચઢાવી હોય તેટલી બીજે દિવસે સવારે જુઓ તો નીચે હોય. આમ દરરોજ બનવા લાગ્યું. આમ એકવીશ દિવસ સુધી મિથ્યાત્વી કપર્દિયક્ષે તે અર્હત્ બિમ્બને પર્વથી નીચે ઉતાર્યું અને જાવડશાએ તે એકવીશ વખત ઉપર ચઢાવ્યું. નવા યક્ષે કહ્યું કે જૂનો કપર્દિયક્ષ આ પ્રમાણે કરે છે. માટે હવે તમે અને તમારી પત્ની ગાડાના પૈડાં પાછળ સૂઈ જજો અને આખો સંઘ કાઉસ્સગ્ગ કરજો. જેથી યક્ષનું જોર ચાલી શકશે નહિ.

યક્ષના કહેવા મુજબ કરવામાં આવ્યું. જાવડશાના શીલના પ્રભાવે યક્ષ ઉપદ્રવ કરી શક્યો નહિ. બીજા દિવસે સવારે શ્રી વજ્રસ્વામીજીએ મંત્રેલા અક્ષતો નાંખી સર્વ દુષ્ટ દેવતાઓને સ્થંભિત કરી દીધા, પ્રતિમાજી નિર્વિઘ્ને ઉપર પહોંચી ગઈ.

આખો ગિરિરાજ જે હાડકા વગેરેથી અપવિત્ર થઈ ગયો હતો, તે બધી અશુચિ દૂર કરાવીને આખો ગિરિરાજ શ્રી શત્રુંજય નદીના જળ અને દૂધ વગેરેથી ધોવરાવી પવિત્ર બનાવ્યો. મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને થોડા સમયમાં બધા મંદિરોનો જીર્ણોદ્ધાર થઈ ગયો.

ભગવાન શ્રી આદિનાથની લેપમય જૂની મૂર્તિને ઉઠાડવામાં આવી ત્યારે કપર્દિયક્ષે તેમાં પ્રવેશ કર્યો અને મહાભયંકર અવાજ કર્યા. આથી આખો ગિરિરાજ કંપી ઉઠ્યો. કહેવાય છે કે તેથી ગિરિરાજના ઉત્તર દક્ષિણ બે ભાગ થઈ ગયા. શ્રી વજ્રસ્વામીજી, જાવડશા અને તેમનાં પત્ની આ ત્રણ સિવાય સઘળાં મૂર્ચ્છાવશ થઈ ગયાં. પરંતુ શ્રી વજ્રસ્વામીજીએ બધાને

સચેતન કર્યા અને સ્થંભિત થયેલા દેવોને વજસ્વામીજીએ છૂટા કર્યા. નવા કપર્દિયક્ષે બધા ક્ષુદ્ર દેવોને ભગાડી મૂક્યા.

ત્યાર પછી મોટો પ્રતિષ્ઠા મહોત્સવ કરવામાં આવ્યો, અને સારા મુહૂર્તો નવા શ્રી આદીશ્વર ભગવંતની પ્રતિષ્ઠા કરવામાં આવી. જાવડશા અને તેમનાં સુપત્ની ધ્વજા ચઢાવતાં ખૂબ હર્ષમાં આવી ગયાં, અને અતિહર્ષના યોગે હૃદય બંધ પડી જવાથી (નીચે પડી જવાથી) મૃત્યુ પામ્યાં અને ચોથા દેવલોકમાં દેવ થયાં.

જાવડશાનો પુત્ર જાજનાગ વિલાપ કરવા લાગ્યો. ત્યારે વજસ્વામીજી અને ચક્રેશ્વરી દેવીએ તેને સાન્ત્વન આપ્યું અને કહ્યું કે આમાં શોક કેવો ? તમારા માતા-પિતા તો ઉત્તમ કાર્ય કરી ગયાં છે અને મૃત્યુ પામી દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા છે.

વ્યંતરદેવોએ બંનેના મૃતદેહને ક્ષીરસમુદ્રમાં પધરાવ્યાં.

જાવડશા તક્ષશિલાથી શ્રી આદિશ્વર ભગવંતની પ્રતિમાજી શ્રી સિદ્ધગિરિજી લાવ્યા, તેમાં નવલાખ સોના મહોરોનો વ્યય કર્યો હતો અને પ્રતિષ્ઠા મહોત્સવમાં દશલાખ સોના મહોરો વાપરી હતી. જીર્ણોદ્ધારમાં તો કેટલો ખર્ચ કર્યો હશે તે વાંચકો આ ઉપરથી સ્વયં સમજી લે. ધન્ય હો પાંચમા આરામાં પ્રથમ ઉદ્ધાર કરાવનાર જાવડશા મહાપુરુષને ! કે જેમણે લક્ષ્મીની મૂર્ચ્છા ઉતારી તીર્થોદ્ધારના ઉત્તમ કાર્યમાં લક્ષ્મીનો સદ્વ્યય કર્યો.

**આણંદજી કલ્યાણજી પેઢીની વેબસાઈટનું નામ**

**www.anandjikalyanjipedhi.org**

**E–mail : info@anandjikalyanjipedhi.org**

Social Presence

ડાઉનલોડ કરો Anandji Kalyanji Pedhi App

## (૨) વિ.સં. ૧૨૧૩ બાહડ મંત્રીનો ચૌદમો ઉદ્ધાર

એકવાર કુમારપાળ મહારાજાએ સોરઠ દેશના રાજા સમરને જીતવા ઉદયન મંત્રીને મોકલ્યા હતા. તે વખતે શત્રુંજય તીર્થની યાત્રા કરવા ગયા, ત્યાં શ્રી ઋષભદેવ ભગવંતની દ્રવ્યપૂજા કરીને ભાવપૂજા (ચૈત્યવંદન) કરી રહ્યા છે, ત્યાં એક ઉંદર સળગતી દીવાની વાટ કાષ્ઠના મંદિરમાં લઈ જતો જોઈ, ઉંદર પાસેથી તે વાટ મૂકાવી.

ઉદયન મંત્રીને વિચાર આવ્યો કે કાષ્ઠના મંદિરનો કોઈ વખત આવી રીતે નાશ થઈ જવાનો સંભવ છે, રાજયના પાપ વ્યાપારથી મેળવેલી મારી લક્ષ્મી શા કામની ? યુદ્ધમાંથી પાછા ફરી આ તીર્થનો કાર્ય ચાલે ત્યાં સુધી મારી લક્ષ્મીથી જીર્ણોદ્ધાર કરાવીશ, માટે જયાં સુધી જીર્ણોદ્ધાર પાલન કરવું અને તાંબુલનો ત્યાગ કરવો' આ પ્રમાણેના અભિગ્રહો ભગવંતની આગળ કર્યા.

યાત્રા કરી નીચે ઉતરી આગળ પ્રયાણ કર્યું. સમરસેન રાજા સાથે યુદ્ધ કરતાં શત્રુના બાણોથી તેનું શરીર જર્જરિત થઈ ગયું, તો પણ ઉદયન મંત્રીએ સમરરાજા ઉપર બાણોનો પ્રહાર કરી તેને મારી નાંખ્યો અને જીત મેળવી, દેશ કબજે કર્યો.

માર્ગમાં ઉદયન મંત્રીને શત્રુનાં બાણોના પ્રહારની વેદનાથી આંખે અંધારા આવવા લાગ્યાં તેથી છાવણીમાં મુકામ કર્યો, ઉપચારો કરવા છતાં સારૂં ન થયું, ત્યારે ઉદયન મંત્રીએ પરિવારને જણાવ્યું કે મારા મૃત્યુ સમયે ચાર વસ્તુઓ પૂર્ણ કરવાની કબૂલાત આપો તો મને સંતોષ થાય. ૧. નાના પુત્ર અબંડને સેનાપતિ બનાવવો. ૨. શ્રી શત્રુંજય ગિરિવર ઉપર પાષાણનો પ્રાસાદ બનાવવો. ૩. ગિરિનારજી ઉપર પત્થરના પગથિયાં, ૪. મને નિર્યામણા કરનાર ગુરુ મળે.'

આ સાંભળી સામંત આદિએ કહ્યું કે, 'પહેલાં ત્રણ કાર્યો તો તમારા મોટા પુત્ર બાહડ પૂર્ણ કરશે. તેમાં અમે સાક્ષીભૂત છીએ અને તમોને નિર્યામણા કરાવનાર સાધુ મહારાજને હમણાં જ શોધી લાવીએ છીએ.'

બાહડે પિતાજીની ઇચ્છા પૂર્ણ કરવાની પ્રતિજ્ઞા કરી. પછી ત્યાં આસપાસમાં કોઈ મુનિરાજ નહિ હોવાથી, એક સામાન્ય પુરૂષને સાધુનો વેષ પહેરાવી ઉદય મંત્રી પાસે લઈ જઈ નિર્યામણા કરાવી. મંત્રી સમગ્ર પ્રાણીઓને ખમાવી, સ્વર્ગે ગયા. પછી પેલા સામાન્ય માણસે વિચાર્યું કે, 'જગત જેને સલામો ભરે છે એવા મંત્રીએ ભિખારી એવા મને જે વંદન કર્યું, તે ખરેખર આ વેષનો જ પ્રભાવ છે, માટે આ વેષ મને શરણભૂત હો.'

તે સાધુએ સુગુરુ પાસે જઈ વિધિપૂર્વક દીક્ષા લઈ નિર્મળ રીતે સંયમનું પાલન કર્યું, પછી ગિરનારજી ઉપર જઈ બે મહિનાનું અનશન કરી સ્વર્ગે ગયો.

બાહડે કુમારપાળ રાજાની આજ્ઞા મેળવી, ગિરનારજી **ઉપર ત્રેસઠ લાખ દ્રવ્ય ખરચી નવાં પગથિયાં કરાવ્યાં,** પછી પરદેશના કારીગરોને બોલાવી શ્રી શત્રુંજય ઉપર બધાં મંદિરો પાષાણના બનાવવાની શરૂઆત કરી.

શ્રી સિદ્ધગિરિની છાયા (તલાટી) પાસે ઉતારો કરી બાહડ મંત્રી વગેરે બેઠા છે, આજુબાજુ ખબર પડતાં દરેક સ્થળોથી પણ અનેક પુણ્યશાળીઓ ઉદ્ધાર ફંડમાં નાણાં આપવાં વિનવે છે. મંત્રીશ્વર લેવા ના કહે છે. એટલે આગ્રહ ભરી વિનંતી કરતાં દાક્ષિણ્યતાથી સ્વિકારે છે.

શ્રી સંઘના દર્શનાર્થે તથા પૈસા આપી લાભ લેનારની ભીડ એટલી જામી છે કે વિશાળ એવા સંઘપતિના તંબુમાં ક્યાં એ માર્ગ દેખાતો ન હતો.

તે વખતે એક **ભીમો** નામનો વાણીયો, જે માત્ર છ દ્રમ્મની મુડીનું ઘી લઈને ત્યાં આવ્યો હતો, તે ઘી બાહડના સૈન્યમાં વેચતાં તેને મૂલ છ દ્રમ્મ ઉપરાંત એક દ્રમ્મ અને એક રૂપિયાનો નફો થયો. પછી એક રૂપિયાના પુષ્પો

લઈ પૂજા કરી અને તે ભીમો શ્રાવક તંબુના બારણા સુધી તો આવ્યો, પણ જાડા અને જરા મલીન કપડાં હોવાથી ચોકીદાર અંદર પ્રવેશ કરવા દેતો નથી, જેથી ઉંચો નીચો થઈ રહેલ છે.

જેની દૃષ્ટિ ચારે બાજુ ફરે છે. એવા બાહડ મંત્રીની દૃષ્ટિ બારણા તરફ ગઈ. જોતાં જાણ્યું કે આને અંદર આવવું છે. પરંતુ દ્વારપાળના રોકવાથી આવી શકતો નથી. દ્વારપાળને હુકમ કર્યો કે તેને અંદર પ્રવેશ કરવા દો. જેથી તે ભીમા કુંડલીઆને અંદર દાખલ થવા દીધો. સભામાં આવેલો તે પોતાની સ્થિતિને અનુસારે, તેમજ બીજા સ્થળે માર્ગ નહિ દેખવાથી એક બાજુ પ્રથમ આવેલાઓના જોડા પાસે બેઠો.

આ વખતે ઉદર દિલના મંત્રીશ્વરે પોતાની પાસે ગાદી ઉપર બેસવા કહ્યું પણ મનમાં સંકોચાતો જોઈ તેનો હાથ પકડી મંત્રીશ્વરે જાતે જાડાં અને મલીન કપડાંવાળા ભીમા કુંડલીયાને પોતાની પાસે મખમલના તકીયાઓ ગોઠવેલી રેશમી ગાદી ઉપર બેસાડ્યો. સભામાં બેઠેલો ભીમો કુંડલીયો ત્યાં આવેલા સ્વામીભાઈ ઓમાંના કોઈ પાંચ તો કોઈ દશ તો કોઈ પચ્ચીશ-પચાસ હજાર ભરાવતા જોઈ અનુમોદના કરતો વિચારે છે કે 'ધન્ય છે, આ મહાનુભાવો કે મહાન તીર્થના ઉદ્ધારમાં ધનનો વ્યય કરી, અસાર એવી લક્ષ્મી વડે સાર એવા લાભને ઉપાર્જન કરે છે.'

સાચી ભાવનાવાળા એકલી કોરી અનુમોદના કરી બેસી રહેતા નથી. પણ શક્તિ અનુસારે અમલમાં મૂકી સાર્થક કરી બતાવે છે. તે પ્રમાણે આ ભીમો શ્રાવક પણ આપવાની ભાવનાથી ખિસ્સામાં હાથ નાંખે છે, અને કાઢે છે. વળી વિચારે છે કે આ લાખ્ખો અને હજારોની રકમ આગળ મારા આ પૈસા શા હિસાબમાં ? આ ભાવનાથી તરબતર બનેલા તે ભીમા શ્રાવકને મંત્રીશ્વર પૂછે છે કે 'કેમ મહાનુભાવ ? તમારે કાંઈ આપવાની ભાવના છે ?

મંત્રીશ્વરના આ પ્રશ્નથી ઊંડો નિશ્વાસ નાંખી વિચાર સાગરમાં

ડૂબકી મારતાં તે ભીમા શ્રાવકને ફરીથી મંત્રીરાજ કહેવા લાગ્યા, આમાં વિચારમાં પડવા જેવું કશું નથી, જેની જેટલી શક્તિ અને ભાવના હોય તે પ્રમાણે પણ આપી શકે છે. વાત્સલ્ય ભાવનાનાં આ વચનોથી ઉત્સાહિત બનેલા ભીમા શ્રાવકે ખિસ્સામાં જેટલું હતું તેટલું બહાર કાઢીને કહે છે કે 'આજે કલિયુગમાં કલ્પતરૂ સમાન **શ્રી સિદ્ધાચલ** તીર્થની યાત્રા કરી એક રૂપિયાના ફૂલ વડે દાદા **શ્રી ઋષભદેવ** ભગવાનની પૂજા કરી, પૂણ્યોદયથી તલાટીમાં આવતા શ્રી સંઘના દર્શન થયાં અને મારી પાસે મૂડી-મિલકત આ ગજવામાંથી નીકળ્યા તે સાત દ્રમ્મ છે, જેથી મારી આ નજીવી રકમ સ્વીકારી ટીપમાં લખવા કૃપા કરી આ સેવકને કૃતાર્થ કરશો.'

ભીમા શ્રાવકની આ ઉમદા ઉદારતાથી અતિ ખુશ થયેલા મંત્રીરાજે તે વખતનું ચાલતું નાણું સ્વીકારી લઈ, તે વહીમાં સૌથી મથાળે (પહેલું) નામ તેનું ચડાવ્યું. આ બનાવથી મોટી રકમો ભરનાર શ્રીમંતો તો વિચારમાં પડી ગયાં કે આ શું ? પણ મંત્રીશ્વરને કહી કોણ શકે ? જેથી એક બીજાના મુખ સામે જુએ છે.

વિચક્ષણ મંત્રી તુરત જ કળી જઈ કહી દે છે કે, આ અલ્પ રકમ આપનારના પ્રથમ નામથી તમારા મન દુઃખાય છે. પરંતુ મહાનુભાવો ! ન્યાય બુદ્ધિથી વિચાર કરાય તો પણ સમજી શકાય છે કે - હું અને તમો ક્રોડો, લાખો અને હજારો આપીએ તોયે ઘરમાં ઘણું રાખીને તે પ્રમાણે આપીએ છીએ.

જ્યારે આ ભાગ્યશાળીએ તો ઘરનું સર્વસ્વ આપી 'દરિદ્ર અવસ્થામાં દાન' એ પ્રથમ કલ્પવૃક્ષ હોવાનું દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે, તો તેનું નામ પહેલું રહે એ વાજબી છે, એમ તમારે પણ સમજવું જોઈએ. હવે પ્રથમ નામવાળાને પહેરામણી કરાવવાના ક્રમ પ્રમાણે મંત્રીશ્વરે ઉમદા પોષાક તથા અલંકાર મંગાવી સ્વીકારવા આગ્રહભરી ભક્તિ દર્શાવી, ત્યારે નિઃસ્પૃહ એવો તે ભીમો કુંડલીઓ કહે છે કે -

'અલ્પ પૈસા આપવાવાળો એવો હું ઉમદા પોષાક વગેરેનો અધિકારી ન હોઈ શકું' મંત્રીશ્વરનો અત્યાગ્રહ છતાં નિઃસ્પૃહ ભીમા કુંડલીઆએ તે કશું ન લીધું, તે ન જ લીધું. પછી સંઘને તથા સંઘપતિને નમસ્કાર કરી તે ભીમો શ્રાવક પોતાને ઘેર ગયો.

### ઉગ્રભાવનું તાત્કાલિક ફળ

આ બાજુ ભીમા શ્રાવકના ઘરમાં તેની સ્ત્રી પ્રભાતે પ્રભાતીયાં અને સાંજે સાંજી (કડવા કઠોર શબ્દ) સંભળાવી ક્લેશ કરવાના સ્વભાવવાળી એવી પ્રતિકૂલ હતી, તે પણ આજે ભીમા કુંડલીયાની ઉગ્ર ભાવનાથી કરેલ ધર્મના પ્રભાવ વડે એકાએક સાનુકૂળ બની, પતિને આવતા દેખી ઊભી થઈ, બહુમાનપૂર્વક મધુર વાણીથી આદર-સત્કાર કરી સુખ શાંતિના સમાચાર પૂછી, ગરમ પાણીવડે પગ પ્રક્ષાલી આસને બેસાડી, પડોશમાંથી ભોજનની સામગ્રી (માંગી) લાવી મિષ્ટ ભોજન બનાવી સ્નેહપૂર્વક પતિને જમાડ્યા.

સરલ હૃદયના ભીમા શ્રાવકે સંઘપતિની સભામાં બનેલી હકીકત નિખાલસપણે પત્નીને કહી, તે સાંભળી પરિવર્તિત સ્વભાવવાળી ગૃહિણી આનંદપૂર્વક અનુમોદના કરે છે. આવા પ્રકારના વર્તનથી ભીમો શ્રાવક તો આશ્ચર્યમુગ્ધ બની જઈ વારંવાર સુકૃતની અનુમોદના કરે છે. હવે તે આંગણામાં બાંધેલી ગાયે ખીલો ઉખેડી નાંખવાથી ખીલો મજબૂત બેસાડવા માટે જમીનને જરા ઊંડી ખોદે છે, એટલામાં ૧૦,૦૦૦ હજાર સોના મહોરથી ભરેલો ચરૂ નીકળે છે. તે સોનામહોરો લઈ સ્ત્રીની અનુમતિ મેળવી, સીધો સંઘપતિના તંબૂમાં ગયો, અને તે સઘળી મિલકત ઉદ્ધાર ફંડમાં લેવાની મંત્રીશ્વરને આજીજી કરે છે. ત્યારે મંત્રીશ્વર કહે છે કે, હવે ઉદ્ધાર ફંડનું કાર્ય સમાપ્ત થયું હોવાથી જરૂર નથી, તેમજ આ લક્ષ્મી તમારા પુણ્યપ્રભાવથી મળેલી છે, તો તેનો ભોગવટો તમે જ કરો.

મંત્રીએ સુવર્ણ લેવા ના પાડી, ભીમો આગ્રહ કરીને જાય છે, ત્યાં

રાત પડી. રાત્રે કપર્દિયક્ષે સ્વપ્નમાં ભીમાને કહ્યું કે 'હે ભીમા ! એક રૂપિયાના પુષ્પ લઈ શ્રી આદીશ્વર ભગવંતની તે પૂજા કરી, તેથી પ્રસન્ન થઈ મેં તને સુવર્ણનો ચરૂ આપ્યો છે, માટે તું ઇચ્છા મુજબ તેનો ભોગવટો કર.

સવારે ભીમાએ મંત્રીને વાત કરી, પ્રભુની સુવર્ણ રત્નો, તથા પુષ્પોથી પૂજા કરી, પોતાના ઘેર આવ્યો અને પુણ્ય કાર્યમાં પ્રવૃત્ત થયો.

બે વરસે જયારે જીર્ણોદ્ધાર થઈ જવાના સમાચાર મંત્રીને મળ્યા ત્યારે ખબર લાવનારને મંત્રીએ વધામણીમાં સોનાની બત્રીશ જીભો આપી. થોડીવાર પછી બીજા માણસે આવી પ્રાસાદમાં કોઈ કારણથી તિરાડ પડી ગયાના સમાચાર આપ્યા, ત્યારે મંત્રીએ તેને ચોસઠ જીભો આપી.

પાસે બેઠેલા માણસોએ કારણ પૂછ્યું, ત્યારે મંત્રીએ કહ્યું કે 'મારા જીવતાં પ્રાસાદ ફાટ્યો તે ઠીક થયું, કેમકે હું તે ફરીથી બીજીવાર કરાવીશ. મારા મરણ પછી આ દેરાસર તૂટી પડ્યું હોત તો તેને કોણ કરાવત ? મારા જીવતાં તે પણ ફાટી ગયું તેથી હું તે ફરીથી બંધાવીશ.'

તુરત જ મંત્રીએ શિલ્પીઓને પ્રાસાદ ફાટી ગયાનું કારણ પૂછ્યું. શિલ્પીઓએ કહ્યું કે ભમતીવાળા પ્રાસાદમાં પવન પેસવાથી અને નીકળવાની જગ્યા નહિ મળવાથી પવનના જોરથી પ્રાસાદ ફાટી ગયો, જો ભમતી વિનાનો પ્રાસાદ કરવામાં આવે તો કરાવનારને સંતાન થાય નહિ, એવો શિલ્પશાસ્ત્રમાં ઉલ્લેખ છે.'

આ સાંભળી મંત્રીએ કહ્યું કે 'કોની સંતતિ કાયમ રહી છે ? માટે મારે વાસ્તવિક ધર્મસંતતિ જ હો.' પછી બંને ભીંતોની વચમાં મજબૂત શિલાઓ મુકાવીને પ્રાસાદપૂર્ણ કરાવ્યો, ફરીથી જીર્ણોદ્ધારમાં મંત્રીએ બે કરોડ સત્તાણું લાખ દ્રવ્ય ખર્ચ્યું. ત્રણ વર્ષે કામ પૂર્ણ થયું હતું.

શ્રી હેમચંદ્રાચાર્યને બોલાવી મોટા ઉત્સવ પૂર્વક વિ.સં. ૧૨૧૩માં પ્રતિષ્ઠા કરાવી.

# શત્રુંજયના શિખરે પોપટને પૂર્વભવનું સ્મરણ

(નોંધ : રાજસ્થાનના જૈન ઓસવાલ સમાજમાંથી સહુ પ્રથમવાર ૧૮૯૦માં M.A. કરનાર શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા જયપુર (રાજસ્થાન) ખાતે રહેતા હતા. એમના પુત્ર શ્રી સિદ્ધરાજજી ઢઢ્ઢાને ૪ વર્ષની વયે શત્રુંજય પર્વત પર સિદ્ધવડની છાયામાં પૂર્વજન્મની સ્મૃતિ થઈ આવી હતી. શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાએ આ વાત કરેલી જે અહીં પ્રસ્તુત કરી છે. શ્રી સિદ્ધરાજજી ઢઢ્ઢા કોંગ્રેસની રાજસ્થાન સરકારમાં વાણિજ્ય મંત્રી પણ રહ્યા હતા. સર્વોદયી સંત શ્રી વિનોબાજી ભાવે સાથે ભૂદાનની પ્રવૃત્તિઓમાં જોડાઈને તા. ૧૬-૫-૧૯૭૨ થી ૧૬-૬-૧૯૭૮ સુધી સર્વ સેવા સંઘના પ્રમુખ પણ બન્યા હતા.)

'મારી માતા વર્ષોથી એક પૌત્ર માટે ઝંખતી હતી, પણ પુત્રીના જન્મથી તેમની આશાઓ ભાંગી પડી. મૃત્યુ પહેલાં પૌત્રનું મુખ જોવાની ભાવનાથી તે જીવન ટકાવી રાખતાં હતાં. ચાર વર્ષ પછી આશાનું કિરણ દેખાયું, અને માતાજીને હૃદય નાચી ઊઠ્યું. પર્યુષણ પર્વમાં પૂજા અને વ્યાખ્યાન પછી આનંદ ઉત્સવ અંગે કુટુંબના આપ્ત જનોને બોલાવી માતાજીએ કહ્યું, "પરમાત્માએ મારી પ્રાર્થના સાંભળી છે. મારી છેલ્લી ઈચ્છા જરૂર પૂરી થશે, તો મારું જીવન સાર્થક પણ થઈ જશે. તમને બધાંને સુખી-લીલી વાડીમાં જોઈને મારો આત્મા અનેરો આનંદ અનુભવે છે. મારી ઇચ્છા તે મારા લાલ પૌત્રનું નામ આજથી નક્કી કરવાની તાલાવેલી જાગી છે. હું તેના મુખારવિંદને તો જોઈશ ત્યારે ખરી, પણ નામ તો નક્કી જ કરી લઉં."

કુટુંબીજનો તો વૃદ્ધ માતાની આવી આશ્ચર્યજનક વાતથી વિસ્મિત થયાં. કોઈ શું બોલે ? પણ એક દસ વર્ષની બાલિકા બધાની વચ્ચેથી આગળ આવી માતાજીના ખોલામાં બેસી ગઈ અને કહેવા લાગી. 'અમ્માજી ! એક સોનાની સીડી બનાવરાવી તેના ઉપર તમારે ચઢવાનું, તે સીડી દાનમાં આપવાની અને મિષ્ટ ભોજન કરી અમને બધાને જમાડવાના. બિરદરીમાં લાડુ વહેંચવાના અને દહેરાસરજીમાં પૂજા ભણાવવાની અને આપણે શ્રી

સિદ્ધાચળજી હમણાં જઈ આવ્યાં, તેની યાદમાં પુત્રનું નામ સિદ્ધાચલજી ઉપરથી પાડવું.' બધા આ બાલિકાની વાત સાંભળી મુગ્ધ થઈ ગયાં. મારી સૂચના પ્રમાણે સિદ્ધરાજકુમાર નામ રાખવાનું નક્કી થયું.

૧૯૦૮માં હું મુંબઈમાં સમેતશિખરજીના મુકદમામાં રોકાયેલ હતો અને પુત્ર જન્મના આનંદજનક સમાચાર મળ્યા. મારી માતાના હર્ષનો પાર નહિ હોય. તેમની પ્રાર્થના ફળી, દસમે દિવસે હું જયપુર પહોંચ્યો, અને બાળકને ખોલામાં લીધો કે અત્યંત રડવા લાગ્યો અને અમારા બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. મારી માતાએ કોઈ સુંદર સ્તવન ગાવાની સૂચના કરી અને નીચેનું સ્તવન ગવાયું.

**કયું ન ભયે હમ મોર, વિમલગિરિ ! કયું ન ભયે હમ મોર**
**સિદ્ધવડ રાયણ રૂખકી શાખા, ઝુલત કરત ઝકોર, વિમલગિરિ૦**
**આવતા સંઘ રચાવત અંગીયા, ગાવન ગુન ઘમ ઘોર. "**
**હમ ભી છત્ર કલા કરી નિરખત, કટને કર્મ કઠોર. "**
**મુરત દેખ સદા મન હરખે, જૈસે ચંદ્ર ચકોર."**
**શ્રી રિષહેસર દાસ તિહારો અરજ કરત કર જોડ."**

સિદ્ધવડનું નામ બાળકને કાને પડતાં જ બાળક રોતો બિલકુલ બંધ થઈ ગયો અને બહુ જ ધ્યાનપૂર્વક આખું સ્તવન સાંભળવામાં તલ્લીન થઈ ગયો. અગિયાર દિવસના બાળકની આંખમાં અને મુખારવિંદમાં, હૃદયમાં અને મનમાં આ સ્તવન એવી ઊર્મિ જગાડી કે જ્યારે-જ્યારે બાળક અસ્વસ્થ જણાય ત્યારે આ મધુર સ્તવન તેના આત્માની શાંતિ માટે સંજીવની બની ગયું.

સિદ્ધરાજ ત્રણ વર્ષનો થયો. એક દિવસ સોનાકાકી સાથે વાલકેશ્વર દર્શન કરવા ગયો. મૂળનાયકજીની પ્રતિમા જોઈ સિદ્ધરાજ બોલી ઊઠ્યો 'આદીશ્વર ભગવાની પેલી પ્રતિમા આ પ્રતિમાજીની મોટી હતી.'

સોનાકાકી - કુમાર તું કયા આદીશ્વર ભગવાનની વાત કરે છે ?

કુમાર - સિદ્ધવડના આદીશ્વર ભગવાન

સોનાકાકી - તું તે ક્યાંથી જાણે ?

કુમાર - મેં તે પ્રતિમાની પૂજા કરી છે.

સોનાકાકી - જૂઠો નહીં તો ! તારા જન્મ પછી આપણે સિદ્ધાચલ કયાં ગયા જ છીએ ?

કુમાર - હું જુઠું બોલતો નથી. હું સાચું બોલું છું.

સોનાકાકી - એટલે તે શું ભગવાનની પૂજા કરી છે ? કે સ્વપ્નમાં જોયા છે ?

કુમાર - મેં પૂજા કરી છે.

સોનાકાકી - તે બને જ કેમ ? તેં ક્યારે પૂજા કરી હતી, બોલ મારા લાલ !

કુમાર - પહેલાં

સોનાકાકી - એ કેવી રીતે ?

કુમાર - પૂર્વ અવસ્થામાં હું પોપટ હતો.

સોનાકાકી - તે વખતે તું ક્યાં રહેતો હતો ?

કુમાર - સિદ્ધવડમાં.

આ આશ્ચર્યજનક વાત હોઈ. માનવામાં આવે એવી નહોતી અને કુમારના વારંવારના સિદ્ધાચલના સ્મરણથી જૂઠી માનવાને પણ કારણ ન હોતું. તે વારંવાર સિદ્ધાચલ જવા હઠ લેતો અને સિદ્ધાચલજીમાં વાપરવાની દ્રષ્ટિએ થોડા રૂપિઆ જુદા એકઠા કરવા પણ લાગ્યો હતો.

ઈ.સ. ૧૯૧૨ના જાન્યુઆરીમાં અમે પાલીતાણા આવ્યા. સોનગઢથી ગિરિરાજના શિખરો જોતાં બાળક ઉત્સાહથી બોલી ઊઠ્યો કે - જુઓ સિદ્ધાચલ દેખાય ! શિહોર સ્ટેશન આવ્યું અને ગાડી બદલવા પ્ટેલફોર્મ ઉપર ઉતર્યા કે કુમાર સિદ્ધાચલ તરફ જોઈને ગિરિરાજને પગે લાગ્યો. અને કહેવા લાગ્યો. જુઓ ! જુઓ ! કાકા સાહેબ ! પેલો કાળો પર્વત દેખાય છે ને એજ

સિદ્ધાચલ. હવે જલ્દી ઉપર જવાનું થાય તો કેવું સારૂં ?

પાલીતાણા આવ્યા અને બીજે જ દિવસે યાત્રા માટે ગયા. મારી ઉપર ચડવાની અશક્તિને લીધે હું ડોળીમાં બેઠો. મેં કુમારને ડોળીમાં મારી સાથે બેસવા વિનવ્યો પણ તે બેઠો નહિ અને મારા ભાઈની આંગળી પકડી ચાલવા લાગ્યો.

મારા ભાઈના કહેવા મુજબ રસ્તામાં ઉપડામણીએ (બાળકને તેડનારી) બાળકને ઉપાડવા કહ્યું પણ કુમારે ના પાડી. એક પણ વિસામે બેઠા સિવાય તે આનંદથી ચડી ગયો. તેની ભાવનાથી તેને માટે પહેલી પક્ષાલ, ચંદનપૂજા, ફૂલપૂજા વિગેરેનું ઘી બોલી તેને પૂજા કરાવી. પૂજા કરતાં તેનો આનંદ અનુપમ હતો. અમે ચૈત્યવંદન કરવા બેઠા ત્યારે તે કાઉસગ્ગમાં બેઠો હોય એમ બેસી ગયો અને આસપાસ યાત્રાળુઓનો અવર-જવર, સ્તવનોના સ્વરો કે પૂજાની ધમાલ છતાં તે અડધો કલાક ધ્યાનમાં બેસી રહ્યો.

યાત્રા કરીને તે અત્યંત આનંદિત દેખાતો હતો. હંમેશા યાત્રાએ આવવાનો તેણે વિચાર દર્શાવ્યો અને યાત્રા કરીને એક બે વાગે તે નાનો ચારેક વર્ષનો બાળક જમ્યો હતો. ડુંગર ઉપર તો પાણી સરખું પણ લેતો નહિ.

સિદ્ધવડ - તેનું પ્રિયસ્થાન જોવાનું નક્કી કર્યું. ત્યાં તેણે જે વૃક્ષ ઉપર તે પહેલાં રહેતો હતો તે બતાવ્યું અને અમારા બધાના આશ્ચર્ય વચ્ચે તેને મુનિરાજશ્રી મોહનવિજયજીએ પૂછ્યું કે - આ સિદ્ધવડમાંથી બીજી કોઈ જગ્યાએ નહિ પણ જયપુરમાં ઢઢ્ઢાજીને ત્યાં જ તે જન્મ લેવાનું કેમ પસંદ કર્યું ? આના જવાબમાં તે બાળકે મારા તરફ ફરીને જણાવ્યું કે - જ્યારે તમે અને મા સાહેબ અહીં યાત્રા કરવા આવ્યા ત્યારે મા સાહેબે મને જોઈને પૂછ્યું હતું કે પોપટ-પોપટ, તું મારે ત્યાં આવીશ ? ત્યારે મેં ચાંચવતી હા પાડી હતી. તે વખતે મેં તેમને ત્યાં જવાની ભાવના કરેલી.'

શાંતિમૂર્તિ મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી, મુનિમહારાજશ્રી હંસવિજયજી તથા મુનિમહારાજશ્રી મોહનવિજયજીએ બાળકની બધી વાતો

જાણી તથા બાળક સાથે વાતો કરી જણાવ્યું હતું કે ખરેખર બાળકને જાતિસ્મરણ જ્ઞાન થયું છે કે શું ?

હજારો યાત્રાળુ ભાઈ બહેનો કુમારને જોવા આવતાં.

સિદ્ધરાજકુમાર ઢઢ્ઢા કલકત્તા વ્યાપારી ચેમ્બરમાં મોટા પગારથી સારા હોદ્દા ઉપર હતા ત્યાંથી રાષ્ટ્રીય લડતના અંગે જેલમાં હતાં.

કેવી અદ્દભૂત સત્યકથા ! કેવો એ ગિરિરાજનો મહિમા એક પોપટ જેવું પક્ષી, ભાવથી એકાદ બે વખત કે પાંચ દસ વખત પૂજા કરી, મનુષ્ય જન્મ પામી જાતિસ્મરણ જ્ઞાન મેળવ્યું.

['શ્રી શત્રુંજયસૌરભ યાને શ્રી જિનતીર્થદર્શન' પુસ્તકમાંથી]

**ગિરનારજી તીર્થે બિરાજમાન અનેક પૂજ્ય ભગવંતોની પાવનકારી નિશ્રામાં શેઠ શ્રી આણંદજી કલ્યાણજી નિર્મિત શ્રી ગિરનારજી તીર્થે જયતલેટી પ્રતિષ્ઠા મહોત્સવની રૂપરેખા**

**વૈશાખ સુદ ૧- ને શુક્રવાર તા. ૫/૫/૨૦૧૭**

સવારે ૬:૦૦ કલાકે કુંભ સ્થાપના, અખંડ દીપક સ્થાપના, જ્વારા રોપણ, ક્ષેત્રપાલ પૂજન, લઘુનંદ્યાવર્ત પૂજન, નવગ્રહ પૂજન, દિશ દિક્પાલ પૂજન, અષ્ટમંગલ પૂજન

બપોરે ૨:૦૦ કલાકે શ્રી દેવીપટ્ટ પૂજન

**વૈશાખ સુદ ૧૧ ને શનિવાર તા. ૬/૬/૨૦૧૭**

સવારે ૯:૦૦ કલાકે ૧૮ અભિષેક વિધાન, ધ્વજદંડ કળશ વિધાન

**વૈશાખ સુદ ૧૨ ને રવિવાર તા. ૭/૬/૨૦૧૭**

મંગલ મૂર્હૂતે પ્રતિષ્ઠા, વિજય મૂર્હૂતે અષ્ટોત્તરીસ્નાત્ર

**વૈશાખ સુદ ૧૩ ને સોમવાર તા. ૮/૬/૨૦૧૭**

સવારે દ્વારોદ્દ્ઘાટન, અષ્ટપ્રકારી પૂજા, સત્તરભેદી પૂજા...

**વિધિકારક :** હિતેશભાઈ વી. શાહ (વડોદરા), જયંતિભાઈ અમૃતલાલ શાહ (અમદાવાદ), દિનેશભાઈ શેઠ (જૂનાગઢ)

# શ્રી શત્રુંજય લઘુકલ્પ

**અઈમુત્તા કેવલિણા, કઈઅં સેત્તુંજ તિત્થમાહપ્પં ।**
**નારયરિસિસ્સ પુરઓ, તં નિસુણહ ભાવઓ ભવિઆ ॥૧॥**

હે ભવ્ય જીવો ! અઈમુત્તા (અતિમુક્ત) કેવળીએ નારદમુનિની પાસે શ્રી શત્રુંજયતીર્થનું માહાત્મ્ય કહ્યું છે, તે હું તમને કહું છું, તેને તમે ભાવથી સાંભળો. ૧

**સેત્તુંજે પુંડરિઓ, સિદ્ધો મુણિકોડીપંચસંજુતો ।**
**ચિત્તસ્સ પુણ્મિમાએ, સો ભણ્ણઈ તેણ પુંડરિઓ. ॥૨॥**

એ શત્રુંજય તીર્થે પુંડરીક ગણધર પાંચ કરોડ મુનિની સાથે ચૈત્ર સુદી પૂનમે સિદ્ધિપદને વર્યા છે, તેથી તે પુંડરિકગિરિ કહેવાય છે. ૨.

**નમિવિનમિ રાયાણો, સિદ્ધા કોડિહિં દોહિં સાહૂણં ।**
**તહ દવિડ-વાલિખિલ્લા, નિવ્વુઆ દસ ય કોડીઓ ॥૩॥**

નમિ-વિનમિ એ બે વિદ્યાધય રાજાઓ બે કરોડ સાધુ સાથે (ફાગણ સુદી દશમે) ત્યાં સિદ્ધિપદને પામ્યા છે, તેમ જ દ્રાવિડ ને વારિખિલ્લ દશ કરોડ મુનિની સાથે (કાર્તિક સુદી પૂનમે) નિવૃત્ત થયા છે - મોક્ષે ગયા છે. ૩.

**પજ્જુન્ન સંબ પમુહા, અદ્ધુટ્ઠાઓ કુમારકોડીઓ ।**
**તહ પંડવા વિ પંચ ય, સિદ્ધગયા નારયરિસી ય. ॥૪॥**

શાંબ ને પ્રદ્યમ્ન (કૃષ્ણપુત્ર) વિગેરે સાડા ત્રણ કરોડ કુમારો (ફાગણ સુદી તેરશે ભાડવા ડુંગરે) સિદ્ધિપદને પામ્યા છે, અને પાંચ પાંડવો વીશ કરોડ મુનિ સાથે (આસો સુદી પૂનમે) સિદ્ધિપદને પામ્યા છે, તેમજ નારદમુનિ (એકાણું લાખની સાથે) સિદ્ધિપદને પામ્યા છે. ૪.

**થાવચ્ચા-સુય-સેલગા ય, મુણિણો વિ તહ રામમુણી ।**
**ભરહો દસરહપુત્તો, સિદ્ધા વંદામિ સેત્તુંજે. ॥૫॥**

થાવચ્ચાપુત્ર (એક હજાર સાથે), શુક્ર પરિવ્રાજકમુનિ (એક હજાર સાથે), સેલગમુનિ (પાંચસો મુનિ સાથે) અને દશરથ રાજાના પુત્ર રામચંદ્રને ભરત (ત્રણ કરોડ મુનિની સાથે) શત્રુંજય ઉપર સિદ્ધિપદને પામ્યા છે, તેમને હું વંદના કરું છું. ૫.

**અન્નેવિ ખવિયમોહા, ઉસભાઈ વિસાલવંસસંભૂઆ ।**
**જે સિદ્ધા સેત્તુંજે, તં નમહ મુણી અસંખિજ્જા. ॥૬॥**

બીજા પણ ઋષભાદિકના વિશાળવંશમાં ઉત્પન્ન થયેલા અને જેમણે મોહને ખપાવ્યો છે એવા અસંખ્યાતા જે જે મુનિઓ શત્રુંજય ઉપર સિદ્ધિપદને પામ્યા છે, તેમને હે ભવ્યજીવો ! તમે નમસ્કાર કરો. ૬.

**પન્નાસ જોયણાઈ, આસી સેત્તુંજ વિત્થડો મૂલે ।**
**દસ જોયણ સિહરતલે, ઉચ્ચત્તં જોયણા અટ્ઠ. ॥૭॥**

આ શત્રુંજય પર્વતનો મૂળમાં વિસ્તાર પચાસ યોજનનો હતો, અને શિખરતળે વિસ્તાર દશ યોજનનો હતો, ઊંચાઈ આઠ યોજન હતી. ૭.

**જં લહઈ અન્નતિત્થે, ઉગ્ગેણ તવેણ બંભચેરેણ ।**
**તું લહઈ પયત્તેણં, સેત્તુંજ ગિરિમ્મિ નિવસંતે. ॥૮॥**

જેટલું ફળ અન્ય તીર્થોમાં ઉગ્ર તપ તપવાથી અને શુદ્ધ બ્રહ્મચર્ય પાળવાથી પ્રયત્ન વડે પામી શકીએ. તેટલું ફળ શત્રુંજય ગિરિમાં માત્ર રહેવાથી (અલ્પપ્રયત્ને) પામી શકીએ. ૮.

**જં કોડીએ પુન્નં, કામિયઆહારભોઈઆ જે ઉ ।**
**તં લહઈ તત્થ પુન્નં, એગોવવાસેણ સેત્તુંજે. ॥૯॥**

જેટલું પુન્ય અન્ય તીર્થે કરોડ મનુષ્યને વાંછિત આહાર આપવાથી (જમાડવાથી) થાય, તેટલું પુણ્ય શત્રુંજયે એક ઉપવાસ કરવાથી થાય. ૯.

**જં કિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ ।**
**તં સવ્વમેવ દિટ્ઠં, પુંડરિએ વંદિએ સંતે. ॥૧૦॥**

આ પુંડરીકગિરિને વાંદવાથી જે કોઈ નામમાત્ર તીર્થ સ્વર્ગમાં, પાતાળમાં અને મનુષ્યલોકમાં છે તે સર્વ તીર્થના દર્શનનું = તેની યાત્રા કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. ૧૦.

**પડિલાભંતે સંઘં, દિટ્ઠમદિટ્ઠે ય સાહૂ સેત્તુંજે ।**
**કોડિગુણં ચ અદિટ્ઠે દિટ્ઠે, અણંતયં હોઈ. ॥૧૧॥**

શત્રુંજય સામે જતાં શત્રુંજય દીઠો હોય અથવા દીઠો ન હોય પણ સંઘની ભક્તિ કરતાં ને મુનિને પડિલાભતાં અત્યંત ફળ પ્રાપ્ત થાય છે. અન્યત્ર તેવી ભક્તિ કરવાથી જે ફળ સામાન્યે થાય તે કરતાં કરોડગણું ફળ શત્રુંજય દીઠા વિના પણ ભક્તિ કરવાથી થાય, અને શત્રુંજય દીઠા પછી ભક્તિ કરવાથી તો અનંતગણું ફળ થાય છે. ૧૧.

**કેવલનાણુપ્પત્તી, નિવ્વાણં આસિ જત્થ સાહૂણં ।**
**પુંડરિએ વંદિત્તા, સવ્વે તે વંદિયા તત્થ. ॥૧૨॥**

જે જે તીર્થે મુનિઓને કેવલજ્ઞાનની ઉત્પત્તિ થઈ છે, અને મુનિઓ નિર્વાણ પામ્યા છે, તે સર્વ તીર્થની વંદના એક પુંડરીક તીર્થને વંદના કરવાથી થાય છે. ૧૨.

**અટ્ઠાવય-સંમેએ, પાવા-ચંપાઈ ઉજ્જિંતનગે ય ।**
**વંદિત્તા પુન્નફલં, સયગુણં તંપિ પુંડરિએ. ॥૧૩॥**

અષ્ટાપદ (ઋષભદેવની નિર્વાણભૂમિ), સમેતશિખર (વીશ તીર્થંકરોની નિર્વાણભૂમિ), પાવાપુરી (વીર ભગવંતની નિર્વાણભૂમિ) ચંપાપુરી

(વાસુપૂજ્ય સ્વામીની નિર્વાણભૂમિ) અને ગિરનાર પર્વત (નેમિનાથની નિર્વાણભૂમિ) એ સર્વ તીર્થને વંદન કરતાં જે પુન્ય ફળ પ્રાપ્ત થાય, તે કરતાં સોગણું ફળ એકલા પુંડરિકગિરિને વંદન કરતાં થાય છે. ૧૩.

**પૂઆકરણે પુન્નં, એગગુણં સયગુણં ચ પડિમાએ ।**
**જિણભવણેણ સહસ્સં, ણંતગુણં પાલણે હોઈ. ॥૧૪॥**

શત્રુંજય ઉપર પૂજા કરવાથી એકગણું પુણ્ય, ત્યાં પ્રતિમા પધરાવવાથી સોગણું પુણ્ય, જિન પ્રાસાદ (જિનમંદિર) કરાવવાથી હજારગણું પુણ્ય અને તે તીર્થનું પાલન-રક્ષણ કરવાથી અનંતગણું પુણ્ય થાય છે. ૧૪.

**પડિમં ચેઈહરં વા, સિત્તુંજગિરિસ્સ મત્થએ કુણએ ।**
**ભુત્તૂણ ભરહવાસં, વસઈ સગ્ગ નિરુવસગ્ગે. ॥૧૫॥**

શત્રુંજય ગિરિ ઉપર પ્રતિમા ભરાવે અથવા ચૈત્યઘર (જિનમંદિર) કરાવે તે આખા ભરત ક્ષેત્રને (ચક્રવર્તીપણે) ભોગવીને ઉપસર્ગ રહિત એવા સ્વર્ગમાં અથવા મોક્ષમાં વસે છે. ૧૫.

**નવકારસહિઅ પોરિસીએ, પુરિમડ્ઢેગાસણં ચ આયામં ।**
**પુંડરિયં ચ સરંતો, ફલકંખી કુણઈ અભત્તટ્ઠં ॥૧૬॥**

**છટ્ઠટ્ઠદસમદુવાલસાણં, માસદ્ધમાસખમણાણં ।**
**તિગરણસુદ્ધો લહઈ, સિત્તુંજં સંભરંતો અ. ॥૧૭॥**

પુંડરિકગિરિનું સ્મરણ (ધ્યાન) કરતો છતો ફળનો ઈચ્છુક જે પ્રાણી નવકારસી, પોરિસી, પુરિમઙ્ઢ, એકાસણું, આયંબિલ અને ઉપવાસ કરે છે તેને ત્રિકણશુદ્ધે શત્રુંજયને સંભારવાથી અનુક્રમે, છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, અર્ધમાસ અને માસખમણ કરવા જેટલું ફળ પ્રાપ્ત થાય છે, અર્થાત્ નવકારસીવાળાને છઠ્ઠ કર્યાનું ફળ મળે છે. પોરિસીવાળાને અઠ્ઠમ

જેટલું, પુરિમઢ્ઢવાળાને ચાર ઉપવાસ જેટલું, એકાસણાવાળાને પાંચ ઉપવાસ જેટલું, આયંબિલવાળાને અર્ધણાસખમણ (૧૫ ઉપવાસ) જેટલું, અને ઉપવાસવાળાને માસખમણ જેટલું ફળ પ્રાપ્ત થાય છે. ૧૬-૧૭

**છટ્ઠેણં ભત્તેણં, અપાણએણં તુ સત્ત જત્તાઈ ।**
**જો કુણઈ સેત્તુંજે, તઈયભવે લહઈ સો મુક્ખં. ॥૧૮॥**

પાણી વિનાનો (ચોવિહાર) છઠ્ઠ કરીને જે પ્રાણી શત્રુંજયની સાત યાત્રા કરે તે ત્રીજે ભવે મોક્ષ પામે છે. ૧૮.

**અજ્જવિ દીસઈ લોએ, ભત્તં ચઈઊણ પુંડરીયનગે ।**
**સગ્ગે સુહેણ વચ્ચઈ, સીલવિહૂણો વિ હોઊણં ॥૧૯॥**

આજે પણ લોકોમાં દેખાય છે કે, જે પ્રાણી ભાત પાણીનો ત્યાગ કરી પુંડરીકગિરિ ઉપર અનશન કરે છે, તે સદાચાર રહિત હોય તો પણ સુખે સુખે સ્વર્ગમાં જાય છે. ૧૯.

**છત્તં જયં પડાગં, ચામરભિંગાણ થાલદાણેણ ।**
**વિજ્જાહરો અ હવઈ, તહ ચક્કી હોઈ રહદાણા. ॥૨૦॥**

છત્ર, ધ્વજા, પતાકા, ચામર, કળશ અને થાળના દાન વડે કરીને એટલે કે તેટલી વસ્તુ શત્રુંજયે મૂકવાથી પ્રાણી વિદ્યાધર થાય છે, અને રથનું દાન કરવાથી, રથ કરાવીને મૂકવાથી ચક્રવર્તી થાય છે. ૨૦.

**દસ વીસ તીસ ચત્તાલ-પન્નાસા પુપ્ફદામદાણેણ ।**
**લહઈ ચઉત્થછટ્ઠટ્ઠમદસમ દુવાલસ ફલાઈ ॥૨૧॥**

દશ, વીશ, ત્રીસ, ચાળીશ અને પચાસ પુષ્પમાળાના દાનથી એટલે કે તેટલી માળાઓ ચડાવવાથી એક, બે ત્રણ, ચાર અને પાંચ ઉપવાસનું ક્રમશઃ ફળ મળે છે. ૨૧.

**ધૂવે પક્ખુવવાસો, માસક્ખમણં કપૂરધૂવમ્મિ ।**
**કિત્તિયમાસક્ખમણં સાહુપડિલાભિએ લહઈ. ॥૨૨॥**

શત્રુંજય ઉપર કૃષ્ણાગરુ વિગેરેનો ઉત્તમ ધૂપ કરવાથી પક્ષ (૧૫) ઉપવાસનું બરાસનો ધૂપ કરવાથી માસખમણનું, અને સાધુને પડિલાભવાથી કેટલાએ માસખમણનું પુણ્ય થાય છે. ૨૨.

**નવિ તં સુવન્નભૂમિ-ભૂસણદાણેણ અન્નતિત્થેસુ ।**
**જં પાવઈ પુન્નફલં, પૂઆ ન્હવણેણ સિત્તુંજે. ॥૨૩॥**

શત્રુંજય ઉપર માત્ર પૂજા અને ન્હવણ (=અભિષેક) કરવાથી જે પુન્યફળ થાય છે તેટલું પુણ્યફળ અન્ય તીર્થોએ સુવર્ણ, ભૂમિ અને આભૂષણોનું દાન કરાવાથી પણ થતું નથી. ૨૩.

**કંતાર-ચોર-સાવય-સમુદ્દ-દારિદ્દ-રોગ-રિઉ-રુદ્દા ।**
**મુચ્ચંતિ અવિગ્ઘેણં, જે સેત્તુંજં ધરંતિ મણે. ॥૨૪॥**

જે પ્રાણી શત્રુંજય તીર્થને મનમાં ધારણ કરે છે = તેનું ધ્યાન કરે છે તેના વિઘ્ન વિના અટવી, ચોર, શ્વાપદ (= સિંહ, વાઘ વિગેરે જનાવરો), સમુદ્ર, દરિદ્રતા, રોગ, રિપુ અને અગ્નિ વિગેરેના ઉપદ્રવો નાશ પામે છે. ૨૪.

**સારાવલી પયન્નગ-ગાહાઓ સુઅહરેણ ભણિઆઓ ।**
**જો પઢઈ ગુણઈ નિસુણઈ સો લહઈ સિત્તુંજજત્તફલં ॥૨૫॥**

સારાવલી પયન્નામાં રહેલી અને શ્રુતધર મહારાજાએ કહેલી આ ગાથાઓને જે ભણે, ગુણે અને સાંભળે તે શત્રુંજયની જાત્રાનું ફળ પામે છે. ૨૫.

# શ્રી પ્રકાશભાઈ ઝવેરી

શ્રી પ્રકાશભાઈ પ્રવિણભાઈ ઝવેરી એટલે જિનશાસનને સમર્પિત સંનિષ્ઠ શાસન પ્રેમી સુશ્રાવક !

તા. ૩૦-૧૧-૧૬ના દિવસે થયેલ એમના દેહાવસાનથી ભારતના સમગ્ર શ્વેતામ્બર જૈન સંઘને મોટી ખોટ પડી છે. શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સાથે કોષ્ટ સદસ્ય તરીકે એઓ છેલ્લા ૨ વરસથી સક્રિય અને અંતરંગ રીતે જોડાયેલા હતા. શ્રી શ્રેણિકભાઈના વખતથી શાસન-સંઘના અનેકવિધ પ્રશ્નોમાં એઓ સંપૂર્ણ સમર્પિતતાથી સક્રિય થતા હતા. તીર્થરક્ષા - જૈન શ્વેતામ્બર તીર્થ રક્ષા કમિટિના નેજા હેઠળ શ્વેતામ્બર તીર્થો ઉપર થનારા અતિક્રમણ આક્રમણ અને ખોટા હકદાવા કરનારાઓનો સફળ સામનો એમણે ૨૨ વરસ સુધી સતત બાહોશી અને સમજદારી પૂર્વક કર્યો હતો. સમ્મેતશિખર તીર્થ/અંતરિક્ષજી, વગેરે અનેક પ્રાચીન તીર્થોના સંરક્ષણના પ્રશ્નો માટે પેઢીને એમની અમૂલ્ય સેવાઓ પ્રાપ્ત થતી હતી.

શ્રેણિકભાઈ સાથે નિકટના સંબંધો હોવાથી તીર્થરક્ષા કે તીર્થ વહીવટ સંબંધી કાયદાકીય કાર્યવાહીના સંદર્ભમાં એમની કુનેહ અને કુશળતાનો ભરપૂર લાભ શ્રી સંઘને મળ્યો હતો.

સામાયિક, સ્વાધ્યાય, અધ્યયન અને પૂજા-સેવા વગેરે ધર્મક્રિયાઓ દ્વારા એમણે વ્યક્તિગત જીવનને પણ આરાધનામય બનાવ્યું હતું. પરિણામ સ્વરૂપે એમને પંડિત કક્ષાનું મૃત્યુ પ્રાપ્ત થયું. રોગની પીડા વચ્ચે પણ સમતા સમાધિ અને પ્રશમભાવમાં ડૂબીને એમણે દેહ છોડ્યો... છેલ્લે છેલ્લે પૂજ્ય ગુરૂદેવોના આશીર્વાદ વિરતિભાવના પરિણામે એમને પ્રાપ્ત થયા, જે એમની સમગ્ર આરાધના-સેવા સાધનાનો પરિપાકરૂપે હતા. અલબત્ત આવા ઉત્તમ આત્માઓની ખોટ પુરાતી નથી કે ભૂલાતી નથી.

# શ્રી મનમોહનભાઈ તંબોલી

ગુજરાત તથા સૌરાષ્ટ્રના જૈન અગ્રણી તથા સેવા-સદ્ભાવથી સમૃદ્ધ વ્યક્તિત્વ ધરાવનારા ભાવનગરના શ્રી મનમોહનભાઈ ફૂલચંદભાઈ તંબોલીનું ૮૩ વર્ષની ઉંમરે તા. ૨૮-૧૦-૨૦૧૬, આસો વદ ૧૩ના દિવસે દેહાવસાન થવાથી સકળ શ્રી સંઘને મોટી ખોટ પડી છે.

જૈન સંઘ, શાસન અને ધર્મ પરંપરાનું કોઈપણ કાર્ય હોય, તેમની સુઝબુઝ, ચીવટ, કુશાગ્રબુદ્ધિ અને વહીવટી કુશળતાના કારણે બહુ સરળતાથી બધું પાર પડી જતું હતું.

શેઠ આણંદજી કલ્યાણજી સાથે તેઓ છેલ્લા પચ્ચીસ વરસથી ગાઢ રીતે સંકળાયેલા હતા જેમાં તા. ૧-૭-૧૯૯૧ થી ૨૦૧૬ સુધીની પ્રાદેશિક પ્રતિનિધિ તરીકેની તેમની સેવાઓ અવિસ્મરણીય રહેશે. પાલીતાણા સલાહકાર સમિતના સભ્ય, જ્યોતિમંદિર ટ્રસ્ટ, પાલીતાણાના ટ્રસ્ટી, યાત્રાધામ વિકાસ બોર્ડની કામગીરીમાં મહત્ત્વનું યોગદાન, પેઢી તથા શત્રુંજય મહાતીર્થના કર્મચારીઓની ટ્રેનીંગ તથા ઘડતરમાં તેમનો મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. સામાજિક તથા શૈક્ષણિક ક્ષેત્રે પણ એમની સેવાઓ મહત્ત્વપૂર્ણ તથા પ્રશંસનીય રહી હતી.

શત્રુંજય તીર્થ સંબંધી અનેક ગંભીર પ્રશ્નોમાં એમના ઠરેલ અને શાણપણભર્યા વ્યક્તિત્વે ખૂબ જ નિર્ણાયક ભાગ ભજવ્યો હતો. આ ઉપરાંત વરસો સુધી ભાવનગર સંઘના પ્રમુખ તરીકે યશસ્વી સેવાઓ પ્રદાન કરી હતી. એમના સ્વર્ગવાસના આગળના દિવસે જ એમના ભાઈ ઇન્દુભાઈનો સ્વર્ગવાસ થયો. બંને ભાઈઓ જાણે એક જ દિવસના અંતરે સાથે જ જીવનલીલાને સંકેલી અને અનંતની યાત્રાએ ઉપડી ગયા !

# કિશોરભાઈ કેરમવાળા

તારીખ ૨૮-૬-૧૬ના દિવસે દિવંગત બનેલા શત્રુંજય મહાતીર્થના પરમ ભક્ત સુશ્રાવક કિશોરભાઈ કાન્તિલાલ કેરમવાળા ૧૩ વરસોથી આણંદજી કલ્યાણજી પેઢીની સાથે પ્રાદેશિક પ્રતિનિધિ તથા કોપ્ટ સદસ્ય તરીકે ગાઢ રીતે જોડાયેલા હતા. શત્રુંજય ગિરિરાજ અને દાદા આદિનાથ પ્રત્યે અદ્દભૂત ભક્તિભાવ અને સમર્પણથી છલકાતા કિશોરભાઈની સેવાઓ ભૂલી શકાય એવી નથી. દાદાની વરસગાંઠ હોય કે દાદાના શિખરે ધ્વજારોહણ હોય. છ ગાઉની યાત્રા હોય, વરસીતપના પારણા હોય... કિશોરભાઈ હાજર હોય જ ! પોતે તો ભક્તિથી ભીંજાતા હોય સાથે અનેકોને શત્રુંજયની ભક્તિમાં ખેંચી જતા હોય !

પૂર્વની કલ્યાણક ભૂમિઓના દેરાસરોના જીર્ણોદ્ધાર માટે એમની તત્પરતા, કાળજી, ચોકસાઈ અને ઉંડાણભરી સમજ આ બધાનો શૂન્યાવકાશ હવે કોણ પૂરશે ? ધર્મ આરાધનામાં ચુસ્ત, સરળ સ્વભાવી, અનેક ગુરુ ભગવંતોનું વાત્સલ્ય પ્રાપ્ત કરનાર, નિષ્ઠાવાન શ્રાવક તરીકેનું એમનું જીવન આદર્શ અને પ્રેરણાદાયી બની રહેશે.

એમને સ્વ. શ્રેણિકભાઈ શેઠ સાથે અત્યંત નજીદીકી સંબંધ હતો. પેઢીના ટ્રસ્ટીઓને તીર્થભક્તિ, શાસન સેવા અને સંઘ વ્યવસ્થા માટે સદૈવ સજગ રાખનાર જિનશાસનના આવા શ્રાવક પ્રહરીને હવે ક્યાં શોધશું ?

એમના આદર્શો, કાર્યો અને ભાવનાઓને ચરિતાર્થ કરવા એમના સુપુત્ર મીતેશભાઈ અને કેરમવાળા પરિવાર કટિબદ્ધ રહીને પેઢી સાથે જોડાઈને સેવાઓ આપી રહ્યા છે.

આ ત્રણે દિવંગત મહાનુભાવોનો આત્મા બોધીબિજ સાથે મનુષ્ય જન્મ પામીને અજર અમર અને અવિનાશી પદની પ્રાપ્તિના પંથે પ્રયાણ કરે એવી શાસન દેવને પ્રાર્થના !!!

# તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શ્રી કયવનભાઈ હેમેન્દ્રભાઈ સંઘવી
વિશ્રુત જેમ્સ ૭૦૧/૨-એ અમન ચેમ્બર્સ, સાતમે માળ,
૧૧૩ મામા પરમાનંદ માર્ગ,
ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટેલિ નં. : ૩૨૯૬૧૮૭૦
સમય : બપોરે ૧૨ થી ૫ (રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ. નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આનંદ કલ્યાણ' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

અને છેલ્લે

આપને જો આ અંક ગમે... તો શું ગમ્યું ? કશુંક ના ગમે તો શું ના ગમ્યું ? એ અમને ખુલ્લા દિલે પણ મુલાયમ કલમે જણાવશો તો અમને બહુ જ ગમશે ! પત્રવ્યવહાર માટે
ઈ-મેઈલ વધારે ઈચ્છનીય અને આવકારદાયક રહેશે.
E-mail : anandkalyanmagazine@gmail.com

ઉદ્દેશ અને ઉપયોગ

- ૫૦૦મી સાલગીરી નિમિત્તે નાની યોજના દ્વારા દરેક શ્રાવક-શ્રાવિકાને સહભાગી થવાનો અમૂલ્ય અવસર.
- ૫૦૦મી સાલગીરી પ્રસંગની અદ્‌ભૂત અને અદ્વિતીય ઉજવણી.
- આ રકમ ટ્રસ્ટમાં "સુર્વણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ" ખાતે જમા રહેશે.
- આ કોર્પસ ફંડનું વ્યાજ સર્વ સાધારણ ખાતામાં જેવા કે સાત ક્ષેત્ર, જીવદયા અને અનુકંપા વિગેરેમાં જરૂરિયાત પ્રમાણે વપરાશે.
- રકમ દર વર્ષે રૂા. ૩૬૦ અથવા એક સાથે રૂા. ૫૪૦૦ બંને વિકલ્પમાં જમા કરાવી શકાય છે.
- **Anandji Kalyanji Pedhi** મોબાઈલ એપ્લીકેશનના ઉપયોગ દ્વારા રકમ **online** પણ જમા કરાવી શકાશે.

વિશેષ જાણકારી માટે સંપર્ક કરો :


<u>અમદાવાદનું સરનામું :</u>

શેઠ આણંદજી કલ્યાણજી, ૨૫ વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,
પાલડી, અમદાવાદ. ૩૮૦૦૭ ફોન **+91 - 79 26610387**


**હેલ્પ લાઇન નંબર : +91-93 75 500 500, +91-93 76 500 500**

Contact : info@anandjikalyanjipedhi.org

Visit : anandjikalyanjipedhi.org

Download : Social Presence

ડાઉનલોડ કરો Anandji Kalyanji Pedhi App

૧૪૦ વર્ષ પહેલાની શ્રી ગિરિરાજની જયતળેટી

અંક : 7

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500

SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

**BOOK - POST**

*To,*


**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**